| | | | | |
|---|---|---|---|---|
| Received on | 29-01-2025 | | | |
| Registered on | 29-01-2025 | | | |
| Decided on | 06-03-2026 | | | |
| Duration | Yr. | Mo. | Ds. | |
| | 01 | 01 | 06 | |

કઠલાલના  જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં.
કઠલાલ પો.સ્ટે પાર્ટ એ ગુ.ર.નં.૧૧૨૦૪૦૨૭૨૪૦૩૦૨/૨૦૨૪

ફોજદારી કેસ નં.        ૫૪/૨૦૨૫

આંકઃ

શ્રી સરકાર ........ફરીયાદી

વિરૂધ્ધ

ભરતસિંહ લાલભાઈ પરમાર
રહે.મુ.પો.ખરેડી ડુંગરી ફળીયું, તા.જી.દાહોદ ......આરોપી

| | |
|---|---|
| ગુન્હો | ઈ.પી.કો. કલમ–૨૭૯, ૩૦૪(અ) તથા એમ. વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબ |
| રજૂઆત | |

| | |
|---|---|
| શ્રી સરકાર તર્ફે | વિ.એ.પી.પી.શ્રી ડી. બી. ચૌહાણ |
| આરોપી તર્ફે | વિ.વ.શ્રી આર. આર. પરમાર |

## ફોજદારી મેન્યુઅલના નિયમ–૧૭૯ (એ) મુજબ નમુના–બી નું પત્રક

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | ૧૪–૦૬–૨૦૨૪ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૧૪–૦૬–૨૦૨૪ |
| ચાર્જશીટની તારીખ | ૨૯–૦૧–૨૦૨૫ |
| ચાર્જફ્રેમ કર્યાની તારીખ | ૨૯–૦૧–૨૦૨૫ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | ૨૭–૦૨–૨૦૨૬ |
| કઈ તારીખે કામ ઠરાવ પર રાખ્યું | ૦૬–૦૩–૨૦૨૬ |
| ઠરાવની તારીખ | ૦૬–૦૩–૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો હોય તો | નીલ |

**આરોપીની વિગત દર્શાવતું પત્રક**

| આરોપીનો ચાર્જશીટ મુજબ નંબર | આરોપીનું નામ | આરોપીઓ અટક કર્યાની તારીખ | આરોપીઓ જામીન મુક્ત કર્યાની તારીખ | કયા ગુન્હાનું તહોમત છે | છોડી મુક્યા કે સજા ફરમાવી | ફરમાવવામાં આવેલ સજા | સી.આર.પી.સી કલમ–૪૮૨ના હેતુ માટે, ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન કેટલા સમયગાળા માટે અટક હતા |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | ભરતસિંહ લાલભાઈ પરમાર | ૧૪–૦૬–૨૦૨૪ | ૧૪–૦૬–૨૦૨૪ | ઈ.પી.કો. કલમ–૨૭૯, ૩૦૪(અ) તથા એમ.વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪ | છોડી મુક્યા | નીલ | નીલ |

## ઠરાવ

**(૧)** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, કોલમ નં.૧માં જણાવેલ આરોપીએ તા.૧૪–૦૬–૨૦૨૪ના કલાક ૦૧.૩૦ વાગ્યાના સમય દરમ્યાન મોજે ઈન્દોર–અમદાવાદ હાઈવે રોડ લસુન્દ્રા કટથી નર્મદા કેનાલ તરફ રોડ ઉપર તા.કઠલાલ ખાતે પોતાના કબ્જાની ટ્રક નં.જીજે.૧૬.એકસ.૭૭૮૦ની પુરઝડપે, બેફીકરાઈ અને ગફલતભરી રીતે હંકારી લાવી ટ્રકની આગળ ચાલતા લાકડા ભરેલા ટ્રેકટર નં.જીજે.૦૭.ડીઈ.૨૫૩૮ને પાછળથી ટક્કર મારતા ટ્રેકટર પલ્ટી મારી દેતા ટ્રેકટરમાં ભરેલા લાકડા ટ્રેકટરના ડ્રાયવર નટવરભાઈ અરજનભાઈ પરમારને શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડીને શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી સ્થળ ઉપર મોત નિપજાવી પોતાની ઉપરોકત ટ્રક સ્થળ ઉપર મુકી નાસી જઈ ગુન્હો કરેલ છે, તે મતલબની ફરીયાદીએ ફરીયાદ નોંધાવતા કઠલાલ પો.સ્ટે. પાર્ટ–

એ ગુ.ર.નં.૧૧૨૦૪૦૨૭૨૪૦૩૦૨/૨૦૨૪ થી નોંધાવતા તપાસના અંતે તપાસ કરનાર અમલદારે આરોપી વિરૂધ્ધ અત્રેની અદાલતમાં આઈપીસીની કલમ–૨૭૯, ૩૦૪(અ) તથા એમ. વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ છે, જેને ફોજદારી કેસ નં.૫૪/૨૦૨૫ થી નોંધવામાં આવેલ છે.

(૨) હાલના કામના આરોપી સામે ચાર્જશીટ રજુ થતા, આરોપી સામેના ઉપરોકત ગુનાનું સંજ્ઞાન લઈ, આરોપીને સમન્સ કરતા આરોપી કોર્ટ સમક્ષ ઉપસ્થિત થતા તેઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે મળી ગયાની ખાતરી કર્યા બાદ આંક–૩ થી ગુના સંબંધે આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલ છે. જેથી ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ.

(૩) ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**મૌખિક પુરાવો**

| **ક્રમ નં.** | **આંક** | **સાક્ષી** | **નામ** |
|---|---|---|---|
| ૧ | ૧૫ | ફરીયાદી | અરજનભાઈ બબુભાઈ પરમાર |

**દસ્તાવેજી પુરાવો**

| **ક્રમ નં.** | **આંક** | **દસ્તાવેજનું વર્ણન** |
|---|---|---|
| ૧ | ૧૬ | ફરીયાદ |
| ૨ | ૧૭ | ગુન્હાવાળી જગ્યાનું પંચનામું |
| ૩ | ૧૮ | ઈન્કવેસ્ટ પંચનામું |
| ૪ | ૧૯ | મરણોત્તર પંચનામું |
| ૫ | ૨૦ | એફ.એસ.એલ. રીપોર્ટ |
| ૬ | ૨૧ | ટ્રોલીનું આર.ટી.ઓ. ફોર્મ |
| ૭ | ૨૨ | ટ્રેકટરનું આર.ટી.ઓ. ફોર્મ |
| ૮ | ૨૩ | ટ્રકનું આર.ટી.ઓ. ફોર્મ |
| ૯ | ૨૪ | પી. એમ. નોટ |

(૪) આ કામે ફરીયાદપક્ષે મહત્વના સાહેદને તપાસ્યા બાદ અને મુળ ફરીયાદી તરફે તેઓ વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોય અને સરકાર

તરફે પણ વિ.એ.પી.પી.શ્રી દ્વારા મૌખિક રીતે પુરાવો પૂરો થયાનું જણાવેલ હોય તેમજ કેસના સંજોગો ધ્યાને લેતાં, ચાર્જશીટમાં દર્શાવેલ અન્ય સાક્ષીઓ તપાસવાથી પણ કેસની હકીકતો નિઃશંકપણે પુરવાર થઈ શકે તેવી સંભાવના ન હોય તે તમામ સંજોગોમાં, નામદાર સુપ્રિમ કોર્ટના ૧૯૯૬(૩), ક્રાઈમ્સ, ૮૫, "સતીષ મહેરા વિ.દિલ્હી એડમીનીસ્ટ્રેશન" તથા (૨૦૦૮) ૯, એસ.સી.સી., ૬૭૭, "નિખિલ મર્ચન્ટ વિ.સી.બી.આઈ." તથા (૨૦૦૮)૪, એસ.સી.સી., ૫૮૨, "મદનમોહન વિ. સ્ટેટ ઓફ પંજાબ"ના ચુકાદાઓમાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ સિદ્ધાંત ધ્યાને લઈ, ફરીયાદપક્ષનો પુરાવો પૂરો કરવામાં આવે છે.

**(૫)** ફરીયાદપક્ષે ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ થયા બાદ ફરીયાદપક્ષે આંક–૨૫ થી લેખિતમાં પુરવા પુરો થયા અંગેની રજુઆત કરેલ છે. આ કામે આંક–૧૬ વાળી ફરીયાદ વંચાણે લેતા આરોપીનો ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ જવાબ નોંધવામાં આવેલ, જેમાં આરોપીએ નિર્દોષ હોય છોડી મુકવા અરજ કરેલ છે.

**(૬)** ત્યારબાદ આ કામે પક્ષકારોની દલીલો સાંભળી.

**(૭)** ઉપરોકત તમામ સંજોગોમાં કેસના મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## <u>મુદ્દાઓ</u>

(૧) શું ફરીયાદપક્ષ નિઃશંકરીતે સાબિત કરે છે કે, કોલમ નં.૧માં જણાવેલ આરોપીએ તા.૧૪–૦૬–૨૦૨૪ના કલાક ૦૧.૩૦ વાગ્યાના સમય દરમ્યાન મોજે ઈન્દોર–અમદાવાદ હાઈવે રોડ લસુન્દ્રા કટથી નર્મદા કેનાલ તરફ રોડ ઉપર તા.કઠલાલ ખાતે પોતાના કબ્જાની ટ્રક નં.જીજે.૧૬.એકસ.૭૭૮૦ની પુરઝડપે, બેફીકરાઈ અને ગફલતભરી રીતે હંકારી લાવી ટ્રકની આગળ ચાલતા લાકડા ભરેલા ટ્રેકટર નં.જીજે.૦૭.ડીઈ.૨૫૩૮ને પાછળથી ટક્કર મારતા ટ્રેકટર પલ્ટી મારી દેતા ટ્રેકટરમાં ભરેલા લાકડા ટ્રેકટરના ડ્રાયવર નટવરભાઈ અરજનભાઈ પરમારને શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડીને શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી સ્થળ ઉપર મોત નિપજાવી પોતાની ઉપરોકત ટ્રક

સ્થળ ઉપર મુકી નાસી જઈ ગુન્હો કરી આઈપીસીની કલમ–૨૭૯, ૩૦૪(અ) તથા એમ. વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષાનેપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૮)** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારાત્મક,

(૨) આખરી હુકમ મુજબ.

**(૯)** ઉપરોકત મુદ્દાઓના નિર્ણયના મારા કારણો નીચે મુજબ છે.

**<u>કારણો</u>**

**<u>મુદ્દા નં.૧ તથા ૨ અંગેઃ–</u>**

**(૯.૧)** આરોપી સામે હાલનો કેસ ફોજદારી પ્રકારનો છે અને ફોજદારી ન્યાય શાસ્ત્રના સિદ્ધાંત અનુસાર આરોપી સામેનો કેસ ફરીયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરવાનો હોય છે તથા હાલના ગુનામાં આરોપી વિરૂદ્ધની હકીકત નિઃશંકપણે સાબિત કરવા અંગેનો પુરાવાનો બોજો ફરીયાદપક્ષ પર રહેલો છે. ફરીયાદપક્ષે રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી આધારોનું પુરાવાની દૃષ્ટિએ નીચે મુજબનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.

**(૯.૨)** આ કામે ફરીયાદપક્ષે ફરીયાદી અરજનભાઈ બબુભાઈ પરમારને આંક–૧૫ થી સોગંદ ઉપર તપાસેલા તેમાં તેઓ જણાવે છે કે, તા.૧૩–૦૬–૨૦૨૪ના રોજ સાંજના તેઓ તેમના ઘરે હાજર હતા અને તેમનો પુત્ર નટવરભાઈ તેના શેઠે અબ્દુલખાન યાસીનખાન પઠાણનાઓના ટ્રેકટર ઉપર લાકડા ભરવા ગાગરના મુવાડા તાબે શલીયાવળી ગયેલ હતા. રાત્રીના દોઢેક વાગ્યે તેમના ભત્રીજા લાલજીભાઈ સુખાભાઈના મોબાઈલ ઉપર અજાણ્યા વ્યકિતનો ફોન આવેલ અને જણાવેલ કે, લસુન્દ્રા કટ પાસે કેનાલ તરફ જવાના રોડ તરફ એક ટ્રેકટર અને ટ્રકનો અકસ્માત થયેલ અને અકસ્માત થનાર વ્યકિતના મોબાઈલમાં તમારો નંબર જેથી તમોને જાણ કરેલ છે તેવી હકીકત જણાવતા તેઓ તથા તેમનો ભત્રીજો લાલજીભાઈ તથા ગીરવતભાઈ લસુન્દ્રા કટથી થોડે આગળ કેનાલ નજીક ઈન્દોર અમદાવાદ હાઈવે રોડ ઉપર ગયેલ હતા અને જોયેલ તો, એક ટ્રેકટર અને તેની પાછળ એક ટ્રક અડીને

ઊભેલ હતી. તેમનો પુત્ર લાકડા નીચે દબાઈ ગયેલ હતો અને તેમના પુત્રને લાકડા હટાવી બહાર કાઢતા માથામાંથી લોહી નીકળતું હતું અને હાજર ૧૦૮ના કર્મચારીએ તેમના પુત્રને મરણ જાહેર કરેલ. તેમના ભત્રીજા લાલજીભાઈએ ટ્રકનો નંબર જોયેલ તો જીજે.૧૬.એક્ષ.૭૭૮૦નો હતો અને ટ્રેકટરનો નંબર જીજે.૦૭.ડીઈ.૨૫૩૮નો હતો. બનાવ બાબતે તેઓએ ફરીયાદ આપેલી, જે અસલ ફરીયાદ તેઓને બતાવવામાં આવે છે, તેમાં તેમના હાથના અંગુઠાનું નિશાન ઓળખી બતાવે છે, જેને રજુ દાખલ આંક–૧૬ આપવામાં આવે છે. આમ ફરીયાદી તેઓની ફરીયાદને અનુરૂપ પુરાવો આપતા ન હોઈ એપીપીશ્રીની મૌખિક વિનંતીથી ફરીયાદીને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરી તેઓની વિગતવાર કરવામાં આવેલી ઉલટતપાસ કરવા છતાં પણ તેઓ ફરીયાદને લેશમાત્ર સમર્થન કરતા નથી.

બચાવપક્ષે ફરીયાદી તેઓની ઉલટતપાસમાં એ હકીકતોનો સ્વીકાર કરે છે કે, બનાવ સમયે તેઓ તેમના ઘરે હાજર હતા તથા બનાવ તેઓએ નજો નજર જોયેલ નથી, જેથી બનાવની જાત માહિતી નથી તથા બનાવમાં કોની બેદરકારી હતી તે તેઓ ચોક્કસ કહી શકે નહીં તથા બનાવની જાણ તેઓને ફોનથી થયેલી.

**(૧૦)** તે રીતે આ કામે રેકર્ડ પર આવેલ પુરાવો ધ્યાને, વંચાણે લેતા, આ કામે આંક–૧૫ થી ફરીયાદીના પુરાવા મુજબ અકસ્માતનો બનાવ બનેલ તેમાં તેઓ તેમના ઘરે હતા, તે સમયે તેમના ભત્રીજા લાલજીભાઈ સુખાભાઈના મોબાઈલ ઉપર અજાણ્યા વ્યક્તિનો ફોન આવેલ અને જણાવેલ કે લસુન્દ્રા કટ પાસે કેનાલ તરફ જવાના રોડ તરફ એક ટ્રેકટર અને ટ્રકનો અકસ્માત થયેલ અને અકસ્માત થનાર વ્યક્તિના મોબાઈલમાં તમારો નંબર જેથી તમોને જાણ કરેલ છે તેવી હકીકત જણાવતા ફરીયાદી તથા તેમનો ભત્રીજો લાલજીભાઈ તથા ગીરવતભાઈ લસુન્દ્રા કટથી થોડે આગળ કેનાલ નજીક ઈન્દોર અમદાવાદ હાઈવે રોડ ઉપર ગયેલ અને જોયેલ તો એક ટ્રેકટર અને તેની પાછળ એક ટ્રક અડીને ઊભેલ હતી તેમનો પુત્ર લાકડા નીચે દબાઈ ગયેલ હતો અને તેમના પુત્રને લાકડા હટાવી બહાર કાઢતા માથામાંથી લોહી નીકળતું હતું અને હાજર ૧૦૮ના કર્મચારીએ તેઓના પુત્રને મરણ

જાહેર કરેલ હતો. તેઓએ બનાવ અંગે ફરીયાદ આપેલ હતી, તેવો પુરાવો આપે છે. તેઓની ફરીયાદમાં તેઓએ અકસ્માત કરનાર વાહન ચાલક તથા વાહનનો નંબર જણાવેલ નથી. વધુમાં સદર સાહેદે અકસ્માતનો બનાવ નજરે જોયેલ ન હોઈ સદર સાહેદ હિયર્સે છે. આમ સદર ફરીયાદીના પુરાવા પરથી અકસ્માત થયેલ હોવાનું તથા ફરીયાદીના પુત્રને માથામાં તથા શરીરે ગંભીર ઈજા થયેલ અને તેઓ મૃત્યુ પામેલ હોવાનું ફલીત થાય છે, પરંતુ અકસ્માત કરનાર વાહનચાલકને જ ફરીયાદી ઓળખી બતાવતા ન હોય જેથી સદર વાહન આરોપી જ ચલાવતા હોય તેવી હકીકત રેકર્ડ પર આવતી નથી. જેથી તેઓના પુરાવાથી સદર કામના આરોપી વાહન ચલાવતા હોય તેવું પુરવાર થતું નથી. આમ, રેકર્ડ ઉપર આવેલ પુરાવો ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવો નથી.

**(૧૧)** તેમજ આ કામે આંક–૧૭ થી ગુન્હાવાળી જગ્યાનું પંચનામું, આંક–૧૮ થી ઈન્કવેસ્ટ પંચનામું, આંક–૧૯ થી મરણોત્તર પંચનામું, આંક–૨૦ થી એફ.એસ.એલ. રીપોર્ટ, આંક–૨૧ થી ટ્રોલીનું આર.ટી.ઓ. ફોર્મ, આંક–૨૨ થી ટ્રેકટરનું આર.ટી.ઓ. ફોર્મ, આંક–૨૩ થી ટ્રકનું આર.ટી.ઓ. ફોર્મ અને આંક–૨૪ થી પી. એમ. નોટ રજુ થયેલ છે પરંતુ આ કામે ફરીયાદીનો પુરાવો ધ્યાને લેતા અકસ્માતનો બનાવ બનેલ હોવાનું જણાય છે અને તેમાં નટવરભાઈ અરજનભાઈ પરમાર મરણ ગયેલ હોવાનું જણાય છે, પરંતુ જયારે ફરીયાદી પોતાના પુરાવામાં હાલના આરોપી જ બનાવ વખતે બનાવમાં સંડોવાયેલ વાહન બેફીકરાઈ રીતે ચલાવતા હોય કે તે કારણે અકસ્માત થવાથી ફરીયાદીના પુત્રને માથામાં તથા શરીરે ગંભીર ઈજા થતા તેઓ મરણ ગયેલા હોવાની હકીકત જણાવતા ન હોય ત્યારે ફરીયાદપક્ષે રજુ થયેલ દસ્તાવેજોને આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં.

**(૧૨)** આ કામે રેકર્ડ ઉપર આવેલ પુરાવો ધ્યાને લઈએ તો, બનાવમાં સંડોવાયેલ વાહન કયુ હતું ? વાહનનો નંબર શું હતો ? તેનો ચાલક કોણ હતો ? તેવી મહત્વની હકીકતો ફરીયાદપક્ષે રેકર્ડ પર નોંધાવી શકેલ નથી. તેમજ બનાવ સમયે અકસ્માતમાં સંડોવાયેલ વાહન હાલના આરોપી પુરઝડપે,

બેફીકરાઈભરી રીતે ચલાવતા હોય અને તેના કારણે ભોગ બનનારને ઈજા થયેલ હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

પુરાવા અધિનિયમની જોગવાઈઓ મુજબ, ફરીયાદપક્ષે પોતાના પક્ષે નિઃશંકપણે પુરવાર કરવું પડે કે, હાલના આરોપી ઉપર જે કલમોનું તહોમત મુકેલુ છે તે ગુનો હાલના આરોપીએ જ કરેલ છે તે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની રહે છે, જેથી આ કામે ઉપર ફરીયાદમાં જણાવ્યા મુજબ આરોપી ઉપર ઈ.પી.કો. કલમ–૨૭૯, ૩૦૪(અ) તથા એમ. વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો આરોપ મુકેલ છે તે અનુસંધાને આ કામે ફરીયાદપક્ષનો સંપૂર્ણ પુરાવો વંચાણે લેવામાં આવે તો હાલના જ આરોપી વાહન રસ્તા ઉપર બેદરકારી પૂર્વક વાહન ચલાવતા હોય કે તેઓની બેદરકારીના કારણે ભોગ બનનારને ઈજા થયેલ હોય અને જેના કારણે તેઓનું મૃત્યુ થયેલ હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવતો ન હોય આરોપીને અકસ્માત ગુના સબબ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. તેમજ તે અકસ્માત કરી આરોપી નાસી ગયેલ હોય તે બાબત પણ રેકર્ડ ઉપરથી પુરવાર થતી ન હોય આ કામે આરોપીને એમ. વી. એકટ મુજબના ગુનામાં પણ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. આમ, ફરીયાદપક્ષ આ કામે મુદ્દા નં.૧ શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ હોય મુદ્દા નં.૧નો જવાબ "નકાર"માં આપવામાં આવે છે અને મુદ્દા નં.૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>આખરી હુકમ</u>

૧. આ કામના આરોપી **ભરતસિંહ લાલભાઈ પરમાર રહે.મુ.પો.ખરેડી ડુંગરી ફળીયું, તા.જી.દાહોદનાઓને** ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૫(૧) તથા ઈ.પી.કો. કલમ–૨૭૯, ૩૦૪(અ) તથા એમ. વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના ગુન્હામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) ની જોગવાઈ અનુસાર આ હુકમ સામે ઉચ્ચ અદાલતમાં અપીલ કે, પીટીશન થયેથી, જે–તે

અદાલત સમક્ષ હાજર રહેવા માટે અગાઉ આપેલ જામીન તે સમય સુધી લંબાવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૦૬મી માહે–માર્ચ, સને–૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

કઠલાલ.
તા.૦૬–૦૩–૨૦૨૬

**(આદિલખાન લીયાકતખાન પઠાણ)**
**જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**કઠલાલ**
**U.I.C.NO.GJ01684**

જયુડી.મેજી.ફ.ક.
કઠલાલ